પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૬ | ૭ મે, ૨૦૧૯, મંગળવાર; વૈશાખ સુદ-૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પાંચમાં તબક્કામાં સરેરાશ ૬૨.૫૬ ટકા મતદાન

**પાંચમાં તબક્કામાં મધ્યમથી ભારે મતદાન : રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, સ્મૃતિ ઈરાની, રાજનાથસિંહ સહિત તમામના ભાવિ ઈવીએમમાં સીલ**

નવી દિલ્હી,તા. ૬

લોકસભા ચૂંટણીના ચાર તબક્કા માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે પાંચમાં તબક્કામાં શાંતિપૂર્ણ રીતે મધ્યમથી ભારે મતદાન થયું હતું. અગાઉના તબક્કાની જેમ જ બંગાળમાં આ વખતે પણ બમ્પર મતદાન થયું હતું. જ્યારે બાકીના રાજ્યોમાં ૫૫ ટકાથી લઈને ૬૪ ટકા સુધી મતદાન નોંધાયું હતું. મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ પોત પોતાની રીતે જીતના દાવા કર્યા હતા. આજના મતદાનની સાથે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, યુપીએના ચેરમેન સોનિયા ગાંધી, કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાની અને શત્રુઘ્ન સિંહાના પત્ની પુનમ સિંહા, કેન્દ્રિય મંત્રી રાજનાથસિંહ સહિત તમામ ૬૭૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે

### ક્યાં કેટલું મતદાન

| રાજ્ય | મતદાન |
|---|---|
| બિહાર | ૫૭.૫૯ |
| મધ્યપ્રદેશ | ૬૨.૯૬ |
| રાજસ્થાન | ૬૩.૦૧ |
| ઉત્તરપ્રદેશ | ૫૩.૪૧ |
| પશ્ચિમ બંગાળ | ૭૪.૦૬ |
| ઝારખંડ | ૬૪.૦૦ |
| જમ્મુ-કાશ્મીર | ૧૭.૦૭ |

સરેરાશ ૬૦ ટકાથી ઉપર મતદાન થયું હતું. અગાઉ સવારે ભારે

● અનુસંધાન પાન-૭ પર



### કયા કયા દિગ્ગજોના ભાવિ સીલ

- રાહુલ ગાંધી ( કોંગ્રેસ પ્રમુખ, અમેઠી)
- સોનિયા ગાંધી (યુપીએ અધ્યક્ષ, કોંગ્રેસ લીડર, રાયબરેલી)
- સ્મૃતિ ઈરાની (કેન્દ્રીયમંત્રી, ભાજપ લીડર, અમેઠી)
- રાજસ્થાન સિંહ (ભાજપ નેતા, લખનૌ)
- પ્રમોદ કૃષ્ણમ (કોંગ્રેસ, લખનૌ)
- રાજ્યવર્ધનસિંહ રાઠોર (ભાજપ નેતા, જયપુર ગ્રામ્ય)
- કૃષ્ણા પુનિયા (કોંગ્રેસ નેતા, જયપુર ગ્રામ્ય)
- અર્જુન મુન્ડા(ભાજપ નેતા,ખુંટી)
- મહેબુબા મુફ્તિ (પીડીપી નેતા, અનંતનાગ)
- હનુમાન બેનિવાલ ( રાલોપા, નાગૌર)
- પ્રસુન બેનર્જી (ટીએમસી, હાવડા)
- રતિદેવી સેનગુપ્તા (ભાજપ, હાવડા)
- જીતેન્દ્રસિંહ (કોંગ્રેસ, અલવર)
- અર્જુનરામ મેઘવાલ (ભાજપ, બિકાનેર)

# ત્રણ જજની પેનલે સીજેઆઈને ક્લિનચીટ આપી

**શોષણના આરોપના કોઈ પુરાવા હાથ ન લાગ્યા : સુપ્રિમ કોર્ટ ચીફ જસ્ટીસ ગોગોઈ સામે આરોપો ફગાવાયા**



નવી દિલ્હી, તા. ૬

સુપ્રિમ કોર્ટના ત્રણ જજની આંતરિક તપાસ સમિતિએ ચીફ જસ્ટીસની સામે દાખલ કરવામાં આવેલી જાતિય શોષણની ફરિયાદને ફગાવી દીધી છે. જસ્ટીસ એસએ બોબડે આ પેનલના અધ્યક્ષ તરીકે છે. જ્યારે જસ્ટીસ ઈન્દુ મલહોત્રા અને જસ્ટીસ ઈન્દિરા બેનર્જી અન્ય બે સભ્યો તરીકે છે. સુપ્રિમ કોર્ટના ત્રણ સભ્યોની સમિતિએ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની સામે જાતિય શોષણના આરોપમાં કઠોર આધાર ન મળતા આને લઈને અરજી દાખલ કરાઈ હતી. સુપ્રિમ કોર્ટના સેક્રેટરી જનરલ તરફથી આજે જારી કરવામાં આવેલા નિયમ મુજબ આંતરિક સમિતિએ પોતાના રિપોર્ટને સુપરત કરી દીધો છે. આંતરિક પ્રક્રિયા મુજબ આગામી વરિષ્ઠ જજને રિપોર્ટ આપી દેવામાં આવ્યો છે. આની એક કોપી સંબંધિત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાને આપી દેવામાં આવી છે. આંતરિક તપાસ સમિતિને સુપ્રિમ કોર્ટના એક પૂર્વ કર્મચારી દ્વારા ૧૯મી એપ્રિલ ૨૦૧૯ના દિવસે કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

### અમરનાથ યાત્રાનો ૧ જુલાઈથી આરંભ થશે : સઘન સુરક્ષા વ્યવસ્થા

શ્રીનગર,તા.૬

દક્ષિણ કાશ્મીરના હિમાલયમાં અમરનાથ ગુફાની વાર્ષિક યાત્રાને ધ્યાનમાં લઈને જમ્મુ ક્ષેત્રમાં એલઓસી (નિયંત્રણ રેખા) અને આંતરરાષ્ટ્રીય સરહદ (આઈબી) નજીક સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ૪૬ દિવસની આ યાત્રા બે રૂટ પરથી થવાની છે. એક પરંપરાગત પહલગામ રૂટ જે અનંતનાગ જિલ્લામાં આવેલો છે અને નાનો બાલતાલ રૂટ જે ગંધરબાલ જિલ્લામાં આવેલો છે. આ યાત્રા પહેલી જુલાઈથી શરૂ થશે અને ૧૫ ઓગસ્ટના રક્ષાબંધનના તહેવારના રોજ પૂરી થશે. પોલીસ, સૈન્ય, બીએસએફ (બોર્ડર સિક્યોરિટી ફોર્સ), સીઆરપીએફ (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ) અને સીએપીએફ (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)ના અધિકારીઓએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક તેમ જ યાત્રા દરમિયાન આંતરિક હાઈવે અને રોડ માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા સઘન કરવા અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

## ન્યુઝ ટ્રેક

**રાફેલ પર પુનર્વિચાર અંગે દસ મે એ સુનવણી**

સુપ્રિમ કોર્ટે કહ્યુ છે કે રાફેલ વિમાન મામલે પુનર્વિચાર માટે કરવામાં આવેલી અરજીઓ અને કોર્ટના નામે કરવામાં આવેલી કેટલીક ટીપ્પણીઓ બાબતે રાહુલ ગાંધી વિરૂદ્ધની અરજીઓની સુનવણી દસમી મે ના રોજ કરવામાં આવશે.

**તેજ બહાદુર સુપ્રિમ કોર્ટ પહોંચ્યા**

સીમા સુરક્ષા દળના સસ્પેન્ડ કરવામાં આવેલા જવાન તેજ બહાદુર યાદવે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ તેમનું આવેદનપત્ર ચૂંટણી પંચે રદ કરતા તેઓએ સુપ્રિમના દ્વાર ખટખટાવ્યા છે. જાણીતા ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણ તેમનો કેસ લડશે.

**ઈરાનને ધમકાવવા ભૂમધ્ય સાગરમાં અમેરિકી જહાજ તૈનાત**

અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યા બાદ વધુ કડક વલણ અપનાવ્યુ છે. અમેરિકાએ ભૂમધ્ય સાગરમાં વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન તૈનાત કરી દીધુ છે. અમેરિકાના આ પગલાંથી બંને દેશો વચ્ચે ચાલી રહેલો તણાવ વધુ વધવાની આશંકા છે.

**રાહુલ ગાંધી બુથ કેપ્ચરીંગ માટે અમેઠી આવ્યા : સ્મૃતિ ઈરાની**

અમેઠીમાં મતદાન થઈ રહ્યુ છે તેવા સમયે ભાજપ ઉમેદવાર અને કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે. તેઓએ કહ્યુ છે કે રાહુલ ગાંધી બુથ કેપ્ચરીંગ માટે અમેઠી આવ્યા હતા. સ્મૃતિ ઈરાનીએ ચૂંટણી પંચને ટ્વીટ પણ કર્યુ છે.

# ફેનીથી પ્રભાવિત ઓરિસ્સાને ૧૦૦૦ કરોડની મદદની મોદીની જાહેરાત

**મુખ્યમંત્રી નવિન પટનાયકની મોદી દ્વારા ભરપુર પ્રશંસા : વિનાશકારી તોફાન છતાં પણ સરકારની શાનદાર કામગીરી અને લોકો દ્વારા સરકારના નિર્દેશને પાળવાના કારણે ખુવારી ટળી : પટનાયકની સાથે મિટીંગ**





ભુવનેશ્વર, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચક્રવાતી તોફાન ફેનીથી પ્રભાવિત ઓરિસ્સાના જુદા જુદા વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ હતું. ઓરિસ્સામાં ફેની ચક્રવાતના કારણે હાલમાં ભારે તબાહી થઈ છે. ટેકનોલોજીના કારણે માનવીય નુકસાન થયું નથી પરંતુ માળખાકીય રીતે ભારે નુકસાન થઈ ચુક્યું છે. આજે વડાપ્રધાને આ ભીષણ તોફાનનો સામનો કરવા માટે મુખ્યમંત્ર નવિન પટનાયક સહિત અહીંના લોકોની ભારે પ્રશંસા કરી હતી. સાથે સાથે તેઓએ ૧૦૦૦ કરોડ રૂપિયાની મદદની જાહેરાત પણ કરી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે આ ભીષણ તોફાનથી નુકસાન બાદ રાજ્યના લોકો ફરીથી ઉભા થવાના પ્રયાસ કરી રહ્યા છે. પ્રદેશમાં જનજીવનને પાટા પર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર તરફથી પહેલા પણ ૩૮૧ કરોડ રૂપિયાની મદદની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ આજે સવારે વડાપ્રધાન મોદી ભુવનેશ્વર પહોંચ્યા હતા. ત્યારથી તેઓએ અસરગ્રસ્ત વિસ્તારોમાં હવાઈ નિરીક્ષણ કર્યુ હતું. સાથે સાથે મુખ્યમંત્રી નવિન પટનાયક અને અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક પણ યોજી હતી. હવાઈ નિરીક્ષણ દરમિયાન વડાપ્રધાનની સાથે રાજ્યપાલ ગણેશીલાલ, મુખ્યમંત્રી નવિન પટનાયક, કેન્દ્રિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ રહ્યા હતા. ૧૦૦૦ કરોડ રૂપિયાની મદદની જાહેરાત બાદ વડાપ્રધાને પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

# મોસ્કોમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત

**પ્લેનમાં ટેકઓફ કર્યાની થોડીક મિનિટોમાં જ આગ લાગી : ૪૧ લોકો જીવતા ભડથું : મૃતકોમાં બે બાળકોનો સમાવેશ : દુર્ઘટના સમયે વિમાનમાં ૭૮ યાત્રીઓ સવાર હતા : ૩૭નો આબાદ બચાવ : યાત્રીઓ પોતાનો જીવ બચાવવા માટે આગળના ગેટમાંથી કૂદ્યા**

મોસ્કો,તા.૬

રશિયાની રાજધાની મોસ્કોથી આર્કટિક ક્ષેત્રમાં સ્થિત રશિયન શહેર મરમાંસ્ક જઈ રહેલું એક પેસેન્જર પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થતાં બે બાળકો સહિત ૪૧ લોકોનાં મોત થયાં છે. અહેવાલો અનુસાર રવિવારે થયેલી આ વિમાન દુર્ઘટનામાં જ્યારે રશિયાની એરોફ્લોટ એરલાઈનનું સુખોઈ સુપરજેટ-૧૦૦ પેસેન્જર પ્લેન હવામાં હતું ત્યારે જ તેમાં અચાનક આગ લાગી હતી. ત્યારબાદ પ્લેનનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી અને એ વખતે વિમાન આગનો ગોળો બની ગયું હતું. ક્રેશ લેન્ડિંગ વખતે જ સુખોઈ સુપરજેટ આખું સળગી ગયું હતું.

એજન્સીઓના જણાવ્યા અનુસાર દુર્ઘટના વખતે પ્લેનમાં ૭૮ યાત્રીઓ સવાર હતા, જેમાંથી ૩૭ને બચાવી લેવામાં આવ્યા છે. રશિયાના સુખોઈ સુપરજેટ પ્લેનમાં મોસ્કોના શેરમેતયેવો એરપોર્ટ પરથી ટેક ઓફ થયાની થોડી મિનિટમાં જ આગ લાગી

● અનુસંધાન પાન-૭ પર



### ચૂંટણીપંચે મહારાષ્ટ્ર સરકારને આચારસંહિતામાંથી છૂટ આપી

મુંબઈ,તા.૬

ભારતીય ચૂંટણી પંચે મહારાષ્ટ્રમાં આદર્શ આચાર સંહિતામાં છૂટ આપી દીધી છે. ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતામાં છૂટ આપતા કહ્યુ છેકે, મહારાષ્ટ્ર સરકારને દુકાળગ્રસ્ત વિસ્તારમાં રાહત કાર્ય કરવાની છૂટ છે. મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય ચૂંટણી પંચને પત્ર લખીને રાજ્યના દુકાળગ્રસ્ત ૫૧ તાલુકાઓમાં રાહત પહોંચાડવા માટે આચારસંહિતામાં થોડી છૂટ માંગી હતી. આ તાલુકાઓને દુકાળગ્રસ્ત જાહેર કરાયા છે. એટલું જ નહી કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં દુષ્કાળગ્રસ્ત જીલ્લામાં મદદ પહોંચાડવા માટે ૪૭૧૪ કરોડ રૂપિયા મંજૂર પણ કરી ચૂકી છે. મુખ્યમંત્રીએ પત્રમાં ૨૬ એપ્રિલ ૨૦૦૯માં એક આવા જ આવેદન પર ચૂંટણીપંચે રાહત આપી હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. ઉલ્લેખનીય છેકે, મહારાષ્ટ્રમાં ભયાનક દુકાળ પડ્યો છે. મરાઠાવાડ ક્ષેત્ર અને બીડ જીલ્લાના ગામોની સ્થિતી વિકરાળ છે. ગામડાના તમામ કુવાઓ સુકાઈ ગયા છે. લોકો પાણીના ટીપાં-ટીપાં માટે તરસી રહ્યા છે. જીલ્લાના કેટલાંક ગામડાઓમાં ટેક્રરોથી પાણી પુરુ પાડવામાં આવી રહ્યુ છે. આની પહેલાં ૨૦૧૬માં લાતૂર સહિત મહારાષ્ટ્રના કેટલાક ગામડાઓમાં ભયાનક દુકાળ વખતે ટ્રેન દ્વારા પાણી પુરુ પાડવામાં આવ્યુ હતુ.

### સીબીએસઈ ધો.૧૦નું પરિણામ જાહેર : ૧૩ વિદ્યાર્થીઓએ ૫૦૦માંથી ૪૯૯ માર્ક્સ મેળવ્યા

ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડે (ઝમ્જીઈ) સોમવારે બપોરે ૧૦મા ધોરણનું પરિણામ જાહેર કર્યુ. આ વર્ષે ૧૮ લાખ વિદ્યાર્થીઓમાંથી ૯૧.૧% બાળકો સફળ થયા છે. આ વર્ષનું ૧૦માનું પરિણામ ૫ વર્ષથી જોવા મળતા ઓછા પરિણામ પર બ્રેક મારી છે. ૨૦૧૮ની તુલનાએ આ વર્ષે રિઝલ્ટમાં ૫ ટકાનો સુધારો આવ્યો છે. ત્રિવેન્દ્રમ રીઝનમાં સૌથી વધુ ૯૯.૮૫% વિદ્યાર્થીઓ પાસ થયા. ૧૦માની પરીક્ષા ૨ માર્ચથી ૨૯ માર્ચ સુધી ચાલી હતી. ટોપ થ્રી રીઝનમાં ત્રિવેન્દ્રમ નંબર વન પોઝિશન પર છે. ત્યાં ૯૯.૮૫% છાત્રો પાસ થયા. જે બાદ ચેન્નાઈમાં ૯૯% અને અજમેરમાં ૯૫.૮૯% છાત્રોએ સફળતા મેળવી છે.

# મોદીએ કોચ અડવાણી ઉપર જ મુક્કેબાજી કરી છે : રાહુલ

**હરિયાણાના ભિવાનીમાં રાહુલ આક્રમક દેખાયા : અડવાણી પર પ્રહાર કર્યા બાદ નોટબંધી અને ગબ્બરસિંહ ટેક્સ દ્વારા નાના દુકાનદારો પર મુક્કેબાજી કરાઈ : રાહુલ**

ભિવાની, તા. ૬

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે હરિયાણામાં ચુંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. રાહુલ વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા કહ્યું હતું કે મોદી એવા બોક્સર છે જે કોચ લાલકૃષ્ણ અડવાણી ઉપર જ મુક્કાબાજી કરી રહ્યા છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે મોદી જ્યાં પગલા લેવાની જરૂર છે ત્યાં પગલા લઈ રહ્યા નથી. મોદી એક એવા બોક્સર છે જે બેરોજગારી અને ગરીબી સામે લડવા માટે મેદાનમાં ઉતર્યા હતા પરંતુ પોતાના કોચ લાલકૃષ્ણ અડવાણી ઉપર જ પ્રહાર કરી ચુક્યા છે. હરિયાણાના ભિવાનીમાં ચુંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે પોતાની ૫૬ ઈંચની છાંતી પર ઘમંડ કરનાર બોક્સર નરેન્દ્ર મોદી બેરોજગારી, ખેડુતોના મુદ્દા, ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દાથી ટક્કર લેવા માટે મેદાનમાં ઉતર્યા હતા પરંતુ મોદીએ પોતાના કોચ ઉપર જ પ્રહાર કરી દીધા છે. અડવાણી અને ગડકરી જેવા ટીમના અન્ય સદસ્યો ઉપર જ પ્રહાર કરી દીધા છે. મોદી અખાડામાં આવતાની સાથે જ સૌથી પહેલા કામ લાલકૃષ્ણ અડવાણીના ચહેરા પ્રહાર કરવા માટેનું કર્યુ હતું. રાહુલ એમ પણ કહ્યું હતું કે મોદીએ અડવાણીનું અપમાન કર્યુ છે. અડવાણીને બોકસીંગ માર્યા બાદ આ મુક્કેબાજે નોટબંધી અને ગબ્બરસિંહ ટેકસથી નાના દુકાનદારો ઉપર પણ મુક્કેબાજી કરી દીધી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

FS Future Solutions Group
Perfect solutions for all your needs
AUTOMATION
AIR-CONDITIONING
POWER BACKUP
Authorized Channel Partners & System Integrators
Control4 | B. Berker by hager
Authorised Dealer
DAIKIN
Authorised Premium Dealer
EATON UPS
CORPORATE OFFICE
Hani House, Shyamal Cross Roads, Satellite, Ahmedbad.
+91 79 26746605 / 06, +91 99789 69242
DAIKIN SOLUTION PLAZA
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, Ahmedbad.
+91 79 26746605 / 06, +91 99789 69242
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr.HDFC Bank, Kudasan.
079 2360 0789
futuresoluindia@gmail.com | www.futuresoluindia.com